# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# STATE POLITICAL UPDATE

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આગામી ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. રાજકીય પક્ષો વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર પણ શરૂ થઈ ગયો છે. ત્યારે રાજ્યમાં ભાજપ દ્વારા વિવિધ જિલ્લામાં કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના ગુજરાત અંગેની ટિપ્પણી સામે વિરોધ પ્રદર્શન કરાયું.

તાપીમાં ભાજપ સંગઠન દ્વારા મૌન ધરણા કરાયા. મહેસાણા અને ભરૂચમાં પણ જિલ્લા ભાજપ દ્વારા વિરોધ કરાયો.

દરમિયાન કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ સોશિયલ મીડિયા સંદેશમાં ગુજરાત અંગેની તેમની ટિપ્પણી અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમનો ઉદ્દેશ ગુજરાતના લોકોની ભાવનાને ઠેસ પહોંચાડવાનો નહતો, તેવી પણ તેમણે સ્પષ્ટતા કરી હતી.

બીજી તરફ, ગુજરાત કૉંગ્રેસ દ્વારા વાપી મહાનગર માટે કૉંગ્રેસનું કમિટમેન્ટ નામે ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો છે. તેમાં પક્ષ દ્વારા વાપીને આધુનિક, સ્વચ્છ અને વિકસિત શહેર બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

તો, આમ આદમી પાર્ટી દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે અત્યાર સુધી ઉમેદવારોના નામોની છ યાદી જાહેર કરવામાં આવી છે.

# LOCAL BODIES ELECTION

રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા મતદાન મથક સહિતની વ્યવસ્થા માટેની વિશેષ તૈયારી કરવામાં આવી છે. મહેસાણામાં પણ મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયત માટે આગામી 26 તારીખે મતદાન થશે. જિલ્લાના એક હજાર 471 મતદાનમથક પર કુલ 12 લાખ 27 હજાર 772 મતદાર મતદાન કરશે. આ સાથે જ આગામી 28 એપ્રિલે 467 બેઠક પરના ઉમેદવારનું ભાવિ નક્કી થશે.

આ અંગે જિલ્લા કલેક્ટર એસ. કે. પ્રજાપતિએ પત્રકાર પરિષદમાં કહ્યું, જિલ્લામાં કાયદો-વ્યવસ્થા જાળવવા 10 પોલીસમથક દ્વારા 10 ચેકપૉસ્ટ 24 કલાક કાર્યરત્ કરવામાં આવી છે. ઉપરાંત જિલ્લામાં પરવાના ધરાવતા એક હજાર 254 જેટલા હથિયાર કબજે કરાયા. તેમજ 332 લોકો સામે અટકાયતી પગલા લેવાયા છે. શાળા, મહાવિદ્યાલયો સહિત અન્ય સ્થળોએ મતદાર જાગૃતિ અભિયાન ચલાવાશે, તેમ પણ કલેક્ટરે ઉમેર્યું.

# GUJ INDUSTRY ON US IRAN CEASEFIRE

અમેરિકા અને ઈરાન વચ્ચે બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાતનું રાજ્યના ઉદ્યોગકારોએ સ્વાગત કર્યું છે. સુરતના ઉદ્યોગપતિ અવનિશ તિવારીએ આ જાહેરાતથી સમગ્ર વૈશ્વિક બજારને લાભ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

(BYTE: AVNISH TIWARI, BUSINESSMAN)

# COMMONWEALTH TEAM GUJ VISIT

રાષ્ટ્રમંડળ રમત 2030ની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ અને અભ્યાસ કરવા રાષ્ટ્રમંડળ રમતગમતની ટીમ આજથી ચાર દિવસ રાજ્યના પ્રવાસે છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની મુલાકાત બાદ ટીમે પ્રવાસનો પ્રારંભ કર્યો. આ ટીમ અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, E.K.A. ઍરેના, વડોદરા ક્રિકેટ સ્ટેડિયમ અને એકતાનગર – સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં વર્ષ 2030માં યોજાનારી રાષ્ટ્રમંડળ રમતના સ્થળની મુલાકાત લેશે.

ટીમના અધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી અધિકારી – C.E.O.એ ભારત અને ગુજરાત સાથે ઉત્સાહપૂર્વક સહયોગ સાથે શતાબ્દી રાષ્ટ્રમંડળ રમત 2030ને ભવ્ય સફળતા મળવાની આશા વ્યક્ત કરી છે. સાથે જ ટીમે આ વર્ષે જુલાઈથી બીજી ઑગસ્ટ સુધી ગ્લાસ્ગો ખાતે યોજાનારી રાષ્ટ્રમંડળ રમતમાં આવવા અને ત્યાંની વ્યવસ્થાનો અભ્યાસ તથા નિરીક્ષણ કરવા મુખ્યમંત્રીશ્રીને આમંત્રણ આપ્યું છે.

# STATE WEATHER UPDATE

હવામાન વિભાગે આજે પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, મહીસાગર અને દાહોદમાં સામાન્ય કમોસમી વરસાદની આગાહી કરી છે. આ સાથે જ રાજ્યના મહત્તમ તાપમાનમાં સામાન્ય ફેરફાર જોવા મળ્યો છે. ગત 24 કલાકમાં સૌથી વધુ 37 ડિગ્રી સૅલ્સિયસ તાપમાન અમદાવાદ, રાજકોટ અને અમરેલીમાં નોંધાયાના અહેવાલ છે. જ્યારે ડીસા, ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર, કંડલા વિમાનમથક, સુરેન્દ્રનગર સહિતના જિલ્લામાં તાપમાન 35 ડિગ્રી સૅલ્સિયસ રહ્યું છે.

દરમિયાન રાજ્યમાં ગઈકાલે સવારે છ વાગ્યાથી આજે સવારે છ વાગ્યા સુધીમાં 49 તાલુકામાં કમોસમી વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ સવા બે ઇંચ જેટલો વરસાદ અરવલ્લીના સાઠંબામાં નોંધાયો હતો.

છોટાઉદેપુરમાં પણ સરહદી વિસ્તારમાં વહેલી સવારથી ધીમી ધારે કમોસમી વરસાદ થયો. રંગપુર, જોડાવાન્ટ, ફેરકુવા અને ખડકવાડા વિસ્તારમાં વરસાદ થતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

# MORBI DEMOLITION

મોરબી મહાનગરપાલિકા દ્વારા ઉમિયા સર્કલથી દલવાડી સર્કલ સુધીના ગેરકાયદે દબાણ હટાવાયા છે. "વન વિક વન રોડ" અંતર્ગત દર બુધવારે દબાણ હટાવવાની ઝૂંબેશ હેઠળ આ કામગીરી કરવામાં આવી રહી છે. આ અંગે મોરબી મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય સોનીએ વધુ માહિતી આપી.

**(BYTE: SANJAY SONI, DEPUTY MUNICIPAL COMMISSIONER, MORBI)**